# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. **મસ્કત ખાતે પ્રધાનમંત્રીએ કહ્યું કે , સમુદ્રની લહેરો બદલાઇ શકે છે પરંતુ ભારત અને ઓમાનની મિત્રતા નવા શિખરો સર કરી રહી છે.**
2. **ભારત-સાઉદી અરેબિયાએ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કાઉન્સિલ હેઠળ રિયાધમાં દ્વિપક્ષીય વિઝા માફી કરાર પર હસ્તાક્ષર કર્યા.**
3. **છત્તીસગઢના સુકમા જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ માઓવાદીઓ માર્યા ગયા.**
4. **ભારતીય તટ રક્ષક દળે ભારતીય પાણીમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવા બદલ 35 બાંગ્લાદેશી માછીમારોને ઝડપ્યાં.**
5. **અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, ટેરિફ તેમની આર્થિક નીતિનો મુખ્ય આધારસ્તંભ રહેશે.**

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM IND OMAN BIZ SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના ત્રણ દેશના પ્રવાસના છેલ્લા તબક્કામાં ઓમાનની મુલાકાત દરમિયાન મસ્કતમાં ભારતીય સમુદાય અને વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા. પ્રધાનમંત્રીએ કહ્યું, ભારતમાં વિવિધતા આપણી સંસ્કૃતિનો મજબૂત આધાર છે. તેમણે કહ્યું , ભારતીયો માટે દરેક દિવસ નવા રંગ લાવે છે , દરેક ઋતુ એક નવો તહેવાર બની જાય છે , દરેક પરંપરા એક નવા વિચાર સાથે આવે છે. આ જ કારણ છે કે , ભારતીયો જ્યાં પણ જાય છે , જ્યાં પણ રહે છે , તેઓ વિવિધતાનો આદર કરે છે.

અગાઉ પ્રધાનમંત્રીએ આજે સવારે મસ્કતમાં ભારત-ઓમાન વેપાર સંમેલનને સંબોધતા કહ્યું, આ સંમેલન બંને દેશ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધને નવી દિશા અને ગતિ આપશે. તેમણે કહ્યું , વેપારી નેતાઓ અરબી સમુદ્રની પેલે પાર માંડવી અને મસ્કતને જોડતા ઐતિહાસિક દરિયાઈ વારસાના વારસદાર છે. પ્રધાનમંત્રીએ આજે મસ્કતમાં ભારત—ઓમાન વેપાર સંમેલનને સંબોધન કરતી વખતે આ વાત કહી હતી. તેમણે કહ્યું , ઋતુઓ બદલાઈ શકે છે , ભારત અને ઓમાન વચ્ચેની મિત્રતા સમય સાથે વધુ મજબૂત થતી રહે છે.

(બાઈટઃ નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# LS - AIRPORTS

પ્રાદેશિક હવાઈ જોડાણ યોજના ઉડાન હેઠળ દેશના હવાઈ મથકોની સંખ્યા 160 સુધી થઈ છે. હવાઈ મુસાફરીને સસ્તી અને સુલભ બનાવી શકાય તથા વંચિત અને પછાત વિસ્તારોને જોડવા માટે આ યોજના 2016 માં શરૂ કરવામાં આવી હતી.

લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા , નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે , સરકારે ઉડાન યોજના હેઠળ હાલના હવાઈ પટ્ટાઓને ઓપરેશનલ એવિએશન હબમાં સફળતાપૂર્વક પરિવર્તિત કર્યા છે.

તેમણે કહ્યું કે , સરકાર આ યોજના દ્વારા દેશભરમાં ખાસ કરીને ઉત્તર પૂર્વ અને ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં હેલિકોપ્ટર કામગીરીને પણ સમર્થન આપી રહી છે. ઉડાન યોજનાને વધુ દસ વર્ષ માટે લંબાવવામાં આવશે તેમ શ્રી નાયડુએ વધુમાં જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# LS - EKLAVYA SCHOOL

આદિવાસી બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા માટે દેશભરમાં 440 એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ કાર્યરત છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબમાં, આદિવાસી બાબતોના મંત્રી, જુઆલ ઓરમે જણાવ્યું હતું કે, સરકારે 728 એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓને મંજૂરી આપી છે.

તેમણે કહ્યું કે, સરકારે આદિવાસી માટે અનેક કલ્યાણકારી કાર્યક્રમો અને 63 હજાર આદિવાસી ગામડાઓનો વિકાસ કરવા માટે 80 હજાર કરોડ રૂપિયાથી વધુના કુલ ખર્ચ સાથે ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન શરૂ કર્યું છે. ખાસ કરીને નબળા આદિવાસી જૂથોના ઉત્થાન માટે પીએમ જનમત યોજના પણ શરૂ કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MANDAVIYA - DEFENCE DATA

ભારતનું 2029 સુધીમાં સંરક્ષણ ઉત્પાદન બમણું કરીને 3 લાખ કરોડ રૂપિયા કરવાનું લક્ષ્ય છે.

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયાએ નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે રાષ્ટ્રએ સંરક્ષણ ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવી છે અને હાલમાં તે 1 લાખ 50 હજાર કરોડ રૂપિયા છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પગલું વૈશ્વિક સંરક્ષણ નેતૃત્વમાં ભારતની ભૂમિકાને મજબૂત બનાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NETHERLANDS FM-VISIT

નેધરલેન્ડ્સના વિદેશ મંત્રી ડેવિડ વાન વીલ આજે નવી દિલ્હી આવ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે શ્રી વીલનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે દિલ્હી અને મુંબઈમાં તેમની મુલાકાત અને કાર્યક્રમો ભારત-નેધરલેન્ડ્સ દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ અને વૈવિધ્યસભર બનાવવા પર કેન્દ્રિત રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA SAUDI VISA

ભારત-સાઉદી અરેબિયાએ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કાઉન્સિલ હેઠળ રિયાધમાં દ્વિપક્ષીય વિઝા માફી કરાર પર હસ્તાક્ષર કર્યા. બંને દેશોએ  સત્તાવાર મુસાફરીને સરળ બનાવવા અને દ્વિપક્ષીય આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવા માટે આ કરાર કર્યા છે.

આ કરાર ભારતીય રાજદૂત સુહેલ અજાઝ ખાન અને સાઉદી વિદેશ મંત્રાલયમાં પ્રોટોકોલ બાબતોના નાયબ પ્રધાન અબ્દુલમજીદ બિન રાશેદ અલસમરી દ્વારા હસ્તાક્ષર કર્યા હતા.

આ કરાર બંને દેશોના રાજદ્વારી, વિશેષ અને સત્તાવાર પાસપોર્ટ ધારકો માટે ટૂંકા રોકાણ વિઝા આવશ્યકતાઓમાંથી પરસ્પર મુક્તિ આપે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

# CHHATTISGARH MAOIST ENCOUNTER

છત્તીસગઢના  સુકમા જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ માઓવાદીઓ માર્યા ગયા. પોલીસના જણાવ્યા અનુસાર , કિસ્તારામ વિસ્તારમાં માઓવાદીઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ જિલ્લા રિઝર્વ ગાર્ડની એક ટીમને તપાસ માટે મોકલવામાં આવી હતી.

જ્યાં અથડામણ થઈ હતી. પોલીસ અને સુરક્ષા દળોની વધારાની ટીમો આ વિસ્તારમાં મોકલવામાં આવી છે. વિસ્તારમાં સઘન શોધખોળ અભિયાન ચાલી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RAM SUTAR - DEATH

પ્રખ્યાત શિલ્પકાર રામ વણજી સુતારનું ગઈકાલે મોડી રાત્રે ઉત્તર પ્રદેશના નોઈડા સ્થિત તેમના નિવાસસ્થાને અવસાન થયું. તેઓ **100** વર્ષના હતા અને વય સંબંધિત બીમારીઓથી પીડાતા હતા. સુતાર ગુજરાતમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા - સ્ટેચ્યુ ઓફ યુનિટી - ડિઝાઇન કરવા માટે જાણીતા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુતારના નિધન પર શોક વ્યક્ત કરતા કહ્યું કે તેઓ એક અદ્ભુત શિલ્પકાર હતા જેમની નિપુણતાએ ભારતને તેના કેટલાક સૌથી પ્રતિષ્ઠિત સીમાચિહ્નો આપ્યા, જેમાં કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# ICG-FISHERMEN ARREST

ભારતીય તટ રક્ષક દળે ભારતીય પાણીમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવા બદલ 35 બાંગ્લાદેશી માછીમારોને અટકાયતમાં લીધા. તેમના બે ટ્રોલર પણ જપ્ત કરાયા છે.

પોલીસના જણાવ્યા અનુસાર , ગઈકાલે સવારે બંગાળની ખાડીમાં ભારતીય તટ રક્ષક દળ દ્વારા બે શંકાસ્પદ ટ્રોલર જોવા મળ્યા હતા તેમને તાત્કાલિક પકડીને ફ્રેઝરગંજ માછીમારી બંદર પર લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ગેરકાયદેસર પ્રવેશના આરોપસર તેમની ધરપકડ કરવામાં આવી હતી.

હાલમાં માછીમારોની પૂછપરછ ચાલી રહી છે. આજે કાકદ્વીપ અદાલતમાં તેમને રજૂ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# J&K - SPECIAL MILITARY TRAIN

જમ્મુ અને કાશ્મીરમાં , સેનાએ ખાસ ટ્રેન મારફતે કાશ્મીર ખીણમાં ટેન્ક સહિતની સૈન્ય સામગ્રીનું પરિવહન કરીને એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.

સેનાએ જણાવ્યું કે ગત મંગળવારે , ટેન્ક, તોપખાના અને ડોઝરને જમ્મુથી કાશ્મીરના અનંતનાગ સુધી સફળતાપૂર્વક પહોંચાડાયું હતું.જે વધતી ગતિશીલતા અને લોજિસ્ટિક ક્ષમતાને દર્શાવશે.

ઉલ્લેખનીય છે કે ઉત્તર રેલવેએ અત્યાર સુધી કાશ્મીરમાં કન્ટેનર, વેગન અને સિમેન્ટ પુરવઠો લઈ જતી ટ્રેનો ચલાવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# GTA TEACHERS STRIKE

પશ્ચિમ બંગાળમાં સંયુક્ત માધ્યમિક શિક્ષક સંગઠને આજથી ગોરખાલેન્ડ ટેરિટોરિયલ એડમિનિસ્ટ્રેશન ( GTA) હેઠળની શાળાઓમાં અનિશ્ચિત સમય માટે હડતાળનું એલાન કર્યું છે. આ નિર્ણય કોલકાતા હાઇકોર્ટ દ્વારા 313 શિક્ષકોની સેવાઓ સમાપ્ત કરવાના આદેશને અનુસરીને લેવામાં આવ્યો છે.

સંગઠનના જણાવ્યા અનુસાર , પહાડી વિસ્તારોમાં "સ્વયંસેવક શિક્ષકો" ની નિમણૂક કરવાની પ્રક્રિયા 2002 થી ચાલી રહી છે , અને તેઓ વર્તમાન પરિસ્થિતિ માટે તત્કાલીન રાજ્ય સરકાર અને GTA ને જવાબદાર માને છે.

સંગઠને જાહેરાત કરી છે કે ચાલુ વાર્ષિક પરીક્ષાઓ અને પરિણામોની જાહેરાત સ્થગિત રહેશે જેના કારણે આ હડતાળ વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP-ADDRESS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું છે કે ટેરિફ તેમની આર્થિક નીતિનો મુખ્ય આધારસ્તંભ રહેશે.

ગઈકાલે એક ભાષણમાં , શ્રી ટ્રમ્પે રોકાણ , ફેક્ટરી બાંધકામ અને રોજગાર વૃદ્ધિને પ્રોત્સાહન આપવામાં ટેરિફની ભૂમિકાને મહત્વપૂર્ણ ગણાવી . તેમણે ટૂંકા ગાળાની વાટાઘાટોને બદલે વૈશ્વિક વેપારને ફરીથી આકાર આપવા આયાત જકાતને કાયમી સાધન તરીકે વર્ણવ્યું.

દરમિયાન, ટ્રમ્પ વહીવટીતંત્રે તાઇવાનને 10 અબજ અમેરિકી ડોલરથી વધુ મૂલ્યના શસ્ત્રોના વેચાણ પેકેજની જાહેરાત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# US - INDIA AI

અમેરિકાના આર્થિક બાબતોના વિદેશ ઉપમંત્રી જેકબ હેલબર્ગે જણાવ્યું છે કે , કૃત્રિમ બુદ્ધિમત્તા અને સેમિકન્ડક્ટર્સ માટે વૈશ્વિક પુરવઠા શૃંખલા સુરક્ષિત કરવાના પ્રયાસોમાં અમેરિકા ભારતને એક મહત્વપૂર્ણ ભાગીદાર માને છે. તેમણે આગામી ફેબ્રુઆરીમાં ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટમાં ભાગ લેવાની જાહેરાત કરી.

ગઈકાલે વોશિંગ્ટનમાં શ્રી હેલબર્ગે કહ્યું કે અમેરિકા અને ભારત વચ્ચે વેપાર કરારો સંબંધિત ચર્ચાઓ વૈશ્વિક પુરવઠા શૃંખલાની સુરક્ષા પર ચાલી રહેલી ચર્ચાઓથી સંપૂર્ણપણે અલગ છે. તેમણે કહ્યું કે આ આયોજનથી દ્વિપક્ષીય આર્થિક સુરક્ષા કરારોમાં નોંધપાત્ર પ્રગતિ થવાની અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .